CRIMINAL CASE NO. 20004-2020

<u>**૧૦ મા અધિક સિનીયર સિવિલ જજ અને અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલત, વડોદરા**</u>

ફરીયાદી શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી અર્જુનરામ છોગારામ મારવાડી
રહે.બી–૩, પાવમ વ્યુ સોસાયટી,
વાસણા રોડ, વડોદરા.

<u>**આંક ૧ નીચે હુકમ**</u>

૧) તહોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૧૮૮, ૨૬૯ તથા ધી એપીડેમીક ડીસીઝ એકટની કલમ ૩ મુજબના આક્ષેપો સબબ ચાર્જશીટ ત.ક.અમલદાર ધ્વારા પોલીસ રીપોર્ટ અન્વયે રજુ કરવામાં આવેલ છે.

૨) ધી એપીડેમીક ડીસીઝ એકટની કલમ ૩ માં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે જે કોઈ વ્યકિત સદર કાયદા હેઠળ બહાર પાડવામાં આવેલ આદેશ કે નિયમનનુ ઉલ્લંઘન કરે તો ઈ.પી.કો.કલમ ૧૮૮ મુજબનો ગુન્હો આચર્યાનુ ગણવાનુ રહેશે.

૩) આ તબકકે સીઆર.પી.સી.કલમ ૧૯૫ ની જોગવાઈ વંચાણે લેતાં ઈ.પી.કો.કલમ ૧૮૮ સબબ જયારે આક્ષેપ કરવામાં આવેલ હોય ત્યારે અદાલત તે આક્ષેપો સબબની વિચારણા રાજય સેવકની લેખીત ફરીયાદ સિવાય કરી શકે નહીં. અહીં 'ફરીયાદ' શબ્દ મહત્વનો છે, જેથી ફરીયાદની વ્યાખ્યા સીઆર.પી.સી.કલમ ૨(ઘ) માં કરવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો ફરીયાદની વ્યાખ્યામાં પોલીસ રીપોર્ટનો સમાવેશ થતો નથી, તેવો વ્યાખ્યામાં જ ઉલ્લેખ છે. આમ, કાયદાની જોગવાઈ અનુસાર ઈ.પી.કો. કલમ ૧૮૮ સબબ આક્ષેપો કરવામાં આવેલ હોય ત્યારે રાજય સેવકે મેજીસ્ટ્રેટ રૂબરૂ લેખીત ફરીયાદ દાખલ કરેલ હોવી ફરજીયાત છે, અન્યથા અદાલત સદર આક્ષેપ સબબની વિચારણા કરી શકે નહી, એટલે કે, બીજા શબ્દોમાં કહીએ તો અદાલત પોલીસ તપાસ કરનાર અમલદારે પોલીસ રીપોર્ટ અન્વયે રજુ કરેલ ચાર્જશીટ આધારે આક્ષેપીત

વિરૂધ્ધ ઈ.પી.કો.ક.૧૮૮ સબબ કોગ્નીઝેન્સ લઈ શકે નહીં. તેમ છતાં ચાર્જશીટ પોલીસે કરેલ હોય તો કોગ્નીઝેન્સ લેવા માટે સીઆર.પી.સી.કલમ ૧૯૫ ની જોગવાઈનો સ્પષ્ટપણે બાધ આવે છે. હાથ પરના કીસ્સામાં પોલીસ તપાસ કરનાર અમલદારે પોલીસ રીપોર્ટ આધારે ચાર્જશીટ કરેલ છે જેથી ત્હોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૧૮૮ સબબની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય નહીં.

૪) આ ઉપરાંત તહોમતદાર વિરૂધ્ધ ધી એપીડેમીક ડીસીઝ એકટની કલમ ૩ સબબ આક્ષેપો કરવામાં આવેલ છે, પરંતુ ઉપરોકત નોંધવામાં આવેલ છે તે રીતે આ કલમની જોગવાઈ અનુસાર જે કોઈ વ્યકિત સદર કાયદા હેઠળ બહાર પાડવામાં આવેલ આદેશ કે નિયમનનુ ઉલ્લંઘન કરે તો ઈ.પી.કો.કલમ ૧૮૮ નો ગુન્હો આચર્યાનુ ગણાશે, જેથી ઉપરોકત પેરાની ચર્ચા ધ્યાને લેતાં આ સબબની પણ કાર્યવાહી શરૂ કરી શકાય નહીં.

૫) નામદાર શ્રી સુપ્રીમકોર્ટે C.Muniappan & ors. V/s. State of Tamilnadu, AIR 2010 SC 3718 ના ચુકાદામાં પેરા નં.૨૫–૨૭ માં ઠરાવેલ છે કે, કલમ ૧૯૫ ની જોગવાઈ ફરજીયાત સ્વરૂપની છે, તેનુ પાલન કરવામાં આવેલ ન હોય તો સમગ્ર ટ્રાયલ દુષીત ગણાય, ફરીયાદ સિવાય ટ્રાયલ ચલાવવામાં આવેલ હોય અને સજા ફરમાવવામાં આવેલ હોય તો તે હકુમત સિવાયની કાર્યવાહી ગણાય તથા શરૂઆતથી રદબાતલ ગણાય, કાયદો ઈ.પી.કો.કલમ ૧૮૮ સબબ જાહેર સેવકની ફરીયાદ સિવાય અદાલતને કોગ્નીઝેન્સ લેવા માટે પરવાનગી આપતો નથી.

૬) સીઆર.પી.સી.કલમ ૨૫૮ ની જોગવાઈ અનુસાર જયારે ફરીયાદ સિવાય કોઈ કેસ માંડેલ હોય અને તે સમંસ ટ્રાયેબલ કેસ હોય ત્યારે અદાલત કોઈપણ તબકકે તેવા કેસની કાર્યવાહી બંધ રાખવાનો હુકમ લેખીત કારણો આપી કરી શકે છે. હાથ પરના કીસ્સામાં તહોમતદાર વિરૂધ્ધ જે ઈ.પી.કો.કલમ ૧૮૮ તથા ધી એપીડેમીક ડીસીઝ એકટની કલમ ૩ સબબના આક્ષેપો કરવામાં આવેલ છે તેની સજાની જોગવાઈ વંચાણે લેવામા આવે તો તે સબબની કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ પધ્ધતિથી ચલાવવાની રહે છે, આક્ષેપીત વિરૂધ્ધ

ચાર્જશીટ રજુ થયેલ છે, એટલે કે, ફરીયાદ ઉપરથી માંડેલ કેસ નથી અને ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર સમગ્ર કાર્યવાહી શરૂઆતથી દુષીત છે, જેથી આક્ષેપીત વિરૂધ્ધની ઈ.પી.કો.કલમ ૧૮૮ અને ધી એપીડેમીક ડીસીઝ એકટની કલમ ૩ મુજબની કાર્યવાહી સીઆર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ ફરમાવવો જોઈએ તેમ આ અદાલતનુ માનવુ છે.

૭) હવે તહોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૨૬૯ ના આક્ષેપો કરવામાં આવેલ છે તે સબબની ચર્ચા કરવામાં આવે તો તહોમતદાર અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ છે, તહોમતદારને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવતાં, તહોમતદારે ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે. તહોમતદારે કબુલાત પુરસીસમાં જાહેર કરેલ છે કે તેઓ અનિવાર્ય કારણોસર બહાર નીકળેલ હતા, તેમનો ઈરાદો ગુન્હો કરવાનો ન હતો પરંતુ શરતચુકથી જાહેરનામાનો ભંગ થઈ ગયેલ છે, જેથી દયા અને રહેમ કરી હળવી સજા કરવા વિનંતી ગુજારેલ છે. આ પુરસીસ તહોમતદારે સ્વેચ્છાએ, કોઈના ભય, દાબ કે દબાણ વિના આપેલ હોવાની ખાત્રી આ અદાલતને થયેલ છે. તહોમતદારને સદર ગુન્હા સબબ કરવામાં આવેલ સજાની જોગવાઈ અંગેની સમજ આપવામાં આવ્યા બાદ પણ તહોમતદાર ગુન્હા કબુલાતને સ્વૈચ્છીક રીતે વળગી રહેલ છે અને તહોમતદારનુ નિવેદન નોંધવામાં આવતાં તહોમતદારે તેમાં પણ ગુન્હો કબુલ હોવાનુ જાહેર કરેલ છે.

૮) તહોમતદાર સ્વૈચ્છીક રીતે ગુન્હા કબુલાત કરતા હોવાથી સદર પુરસીસ કામમાં દાખલ કરવામાં આવે છે અને તહોમતદાર વિરૂધ્ધ જે આક્ષેપ છે તે ગુન્હાનો પ્રકાર, ગંભીરતા લક્ષ્ય પર રાખી, તહોમતદારે પુરસીસમાં જણાવેલ કારણ ધ્યાને લઈ, પ્રવર્તમાન પરીસ્થિતી તેમજ સંજોગો લક્ષ્ય પર રાખી ન્યાયના હિતમાં તહોમતદારને કાયદામાં નિર્દીષ્ટ મહતમ સજા નહીં પરંતુ ન્યુનતમ સજા ફરમાવવી જોઈએ તેમ આ અદાલતનુ માનવુ છે.

૯) આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતાં તહોમતદારને ફોજદારી કાર્યરીતી સંહીતા ની કલમ ૨૫૨ અન્વયે તેમની વિરૂધ્ધના ભારતીય દંડ સંહીતાની કલમ ૨૬૯ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦/– ( અંકે રૂપીયા સો પુરા) નો દંડ ભરપાઈ કરવાની સજા ફરમાવવામાં આવે છે, જો તહોમતદાર દંડ ભરવામાં કસુર કરે તો દિવસ–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૧૦) તહોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૧૮૮ તથા ધી એપીડેમીક ડીસીઝ એકટની કલમ ૩ ના આક્ષેપો સબબ પોલીસ તપાસ કરનાર અમલદાર ધ્વારા પોલીસ રીપોર્ટ અન્વયે ચાર્જશીટ રજુ કરેલ હોઈ આ આક્ષેપો સબબ કોગ્નીઝન્સ લેવામાં આ અદાલતને સીઆર.પી.સી.કલમ ૧૯૫ નો બાધ આવતો હોઈ તહોમતદાર વિરૂધ્ધની સદર આક્ષેપો સબબ આ ફોજદારી કેસની કાર્યવાહી સીઆર.પી.સી.કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે અને તહોમતદારને તેમની વિરૂધ્ધના ઈ.પી.કો.કલમ ૧૮૮ તથા તથા ધી એપીડેમીક ડીસીઝ એકટની કલમ ૩ ના આક્ષેપો સબબ છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

તા.૧૦–૦૭–૨૦૨૧.
વડોદરા.
સ્પેશીયલ સીટીંગ

**(સુશીલ ભગવંતરાય ભટ્ટ)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
જજ કોડ : જીજે–૦૦૮૫૭